# ભારતીય બજાર અને મોસમી વરસાદની વધઘટ

સેન્મા નિકુલ જે.
ટી.વાય.બી.બી.એ.
બી.પી.કોલેજ ઓફ
બીઝનેશ એડમીનીશટ્રેશન,



આપણો ભારત દેશ ખેતીપ્રધાન દેશ છે. દેશની મોટાભાગની વસ્તીનું ગુજરાન ખેતી ઉપર ચાલે છે. ખેતીનો મુખ્ય આધાર વરસાદ છે. અને વરસાદ આવે તો ખેતીનો પાક સારો થાય અને ભારતવાસીઓનું ગુજરાન અને વર્ષ સારુ જાય અને જો વરસાદ ના આવે તો તેમનો પાક ખરાબ થાય અને દેશમાં ગરીબીની સમસ્યા વધે. આમ વરસાદ જ ખેતીનો મુખ્ય આધાર છે. અને ખેતીજ ભારતવાસીઓના જીવનનો આધાર છે.

દેશમાં ચોમાસાની ઋતુમાં વર્ષના ૧૦૦ ટકા વરસાદની જરૂર હોય છે. ક્યારેક વરસાદ ખેંચાતા અને સમયસર વરસાદ ન આવતાં ખેડુતોને ખેતીનો અને દેશમાં દુષ્કાળનો ભય રહે છે. જો દેશમાં વરસાદની જરુર ચોમાસા દરમિયાન જેટલી જરુર હોય એનાંથી વધારે પડે તો દેશની આર્થિક સ્થિતિ પર તેની ખરબા અસર થાય છે. વધારે વરસાદના કારણે ખેતીના પાકો કોહવાઈ જાય છે. જે ખેતીના પાકો બગડી જાય છે. તેની સીધી અસર દેશની કંપનીઓ પર થાય છે. કાચો માલ કંપનીઓ સુધી ન પહોંચતા તે કંપનીઓમાં કાચા માલની અછત જોવા મળે છે. ને અછત સર્જાય છે. પરિણામે બજારમાં એ વસ્તુઓનું ઉત્પાદન અને બજારમાં પણ એ વસ્તુઓની કંપનીની એ આઈટમોની અછત સર્જાય છે. જેથી સીધી અસર દેશની માનવ વસ્તી ઉપર થાય છે. ગરીબલોકો પાસે પૈસાનું પ્રમાણ ઓછુ હોય છે. અને મોંઘવારીનું પ્રમાણ વધે છે. જેથી દેશના ગરીબવર્ગ ઉપર આ મોંઘવારીની અસર થાય છે. જેથી બજારમાં મળતી વધારે કિંમતવાળી આઈટમો તે ખરીદી શકતાં નથી અને તેમની જરૂરીયાતો સંતોષાતી નથી. આમ વધારે વરસાદની અસર માનવ ઉપર ખરાબ પડે છે. વધારે વરસાદના કારણે પુર આવવાની સ્થિતિ સર્જાય છે. જેના કારણે અમુક શહેરો અને અમુક વિસ્તારોમાં પાણી ઘુસી જતા ત્યાં રહેતી જનતાને બહુ જ તકલીફ થાય છે. તેમનું બધુ પાણીની સાથે તણાઈ જાય છે. માણસોને ના બે ટાઈમનું ભોજન નથી મળતુ અને તેમની હાલત ગંભીર થાય છે. આમ વધારે વરસાદની અસર પણ માનવ માટે બહુ જ ખરાબ અને પડકારજનક હોય છે.

હાલમાં વધારે વરસાદના કારણે વડોદરા શહેરમાં પુર આવવાની સમસ્યાને ડર છે. જેના કારણે વડોદરાની વસ્તીએ પોતાનું સ્થળાંતર પણ ચાલુ કરી દીધુ છે. જે બધાના મનમાં પુર આવવાનો ભય અને ફફડાટ જોવા મળ્યો હતો.

જો દેશમાં ઓછો વરસાદ આવે તો તેની પણ અસર દેશની વસ્તી ઉપર ખરાબ થાય છે. ઓછો વરસાદને કારણે દેશની ખેતીના પાક નિષ્ફળ પણ જાય છે. જેની સીધી અસર ખેડુોના જીવન ઉપર પડે છે. તેમને પાક તરફથી સારુ વળતર મળતુ નથી. ને આની સીધી અસર દેશની કંપનીઓ ઉપર પડે છે. તેમા કાચા માલની અછત સર્જાય છે. દેશમાં વાર્ષિક ખેતીના પાકોમાં ઉપલબ્ધ થતી વસ્તુઓ જેમ કે શાકભાજીની બજારમાં અછત અને તેના વધારે ભાવ લેવાય છે. જેના કારણે દેશની ગરીબવર્ગ અમીરવર્ગ અને મધ્યમ વર્ગ દરેક વર્ગની વસ્તી ઉપર પડે છે. જે વસ્તી ખાવાની શાકભાજી પણ ખરીદી શકતી નથી. વરસાદ ઓછા આવવાના કારણે પાણીનું તળિયુ જમીનમાં નીચુ જાય છે. અને બોર દ્વારા જેટલુ પાણી સિંચાઈ માટે જોઈએ તેટલુ મળતુ નથઈ આમ ઓછા વરસાદના કારણે પણ દેશની આર્થિક પરિસ્થિતિ ઉપર તેની માઠી અસર જોવા મળે છે.

જો દેશમાં પ્રમાણસરનો વરસાદ પડે તો દેશની આર્થિકસ્થિતિ ઉપર તેની સારી અસર થાય છે. ખેડુતોના ખેતીના પાકોમાં પ્રમાણસરનો વરસાદ મળવાથી સારી ઉપજ થાય છે. કંપનીઓને કાચોમાલ પ્રમાણસર અને બહુ સરળ રીતે મળે છએ. જેના કારણે તે વસ્તુઓના ભાવ બજારમાં ઓછા અને પ્રમાણસરની કિંમતમાં હોય છે. જેનાથી દેશના ગરીબવર્ગના માણસો પણ શાકભાજી અને બીજી અનેક વસ્તુઓ પણ સારી રીતે ઓછા ભાવમાં ખરીદી શકે છે. આમ પ્રમાણસરના વરસાદના કારણે સારી ઉપજ મળે છે અને તેઓનું ગુજરાત અને તેમનું જીવન પણ સારી રીતે ચાલે છે. પરંતુ દેશમાં પ્રમાણસરનો વરસાદ અમુક વખત જ પડે છે. પરંતુ પ્રમાણસરનો વરસાદ પડવો એ બહુ જ મુશ્કિલ છે.

આમ વધારે વરસાદના કારણે પણ દેશની આર્થિકસ્થિતિ ઉપર અસર પડે છએ. ઓછા વરસાદને કારણે પણ અસર પડે છે. પરંતુ પ્રમાણસરનો વરસાદના કારણે દેશની આર્થિક સ્થિતિનું સમતુલન જળવાઈ રહે છે. આ વર્ષ દેશમાં  અને ખાસ કરીને ગુ-જરાતમાં અને ગુજરાતના શહેરો જેવા કે વડોદરા, અમદાવાદ અને ગાંધીનગરમાં વધારે વરસાદના કારણે ખેતીના કેટલાક પાકો નિષ્ફળ ગયા છે. અને તેની અસર આવતા વર્ષમાં જોવા મળે છે. અમુક વસ્તુઓના ભાવમાં ભાવવધારો અને હાલમાં તો પુરની અસર વડોદરા શહેર ઉપર છે. જેની અસર ત્યાના માણસો ઉપર બહુ જ ભય સાથે થઈ રહી છે.

આમ વરસાદની અસર પણ માનવજીવ અને દેશની આર્થિક સ્થિતિ ઉપર કંપનીઓ ઉપર ખેતીના પાકો ઉપર વરસાદના પ્રમાણના આધારે થાય છે.

